# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-10-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વિકાસ સપ્તાહ : મફત શાળા વાહન

**કચ્છ અંતરિયાળ વિસ્તાર હોવાથી બાળકોને શાળાએ જવા મુશ્કેલી ન પડે તે માટે ગુજરાત સરકાર દ્વારા મફત પરિવહન સુવિધા શરૂ કરવામાં આવી છે. આ સુવિધાના કારણે સૌથી સુખદ પરીણામો એ મળ્યા છે કે, શાળામાં બાળકની નિયમિતતા વધતા કુલ ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે, તેમજ કન્યા શિક્ષણમાં પણ સુધારો જોવા મળ્યો છે.**

**કચ્છમાં મફત શાળા વાહનનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓની વાત કરીએ તો, ૧૦૨૭ કુમારની સાથે અભ્યાસવાંચ્છું ૧૦૪૮ દીકરીઓ સરકારી શાળા વાહનનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૨૪- ૨૦૨૫ની વાત કરીએ તો, ૧૯૪૮ બાળકો, જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ની વાત કરીએ તો, બાલ વાટિકામાં ૧૦૪, ધો.૧ થી ૫માં ૧ હજાર ૩૧૭ જ્યારે ઉચ્ચ પ્રાથમિકમાં ૭૦૭, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં ૨૩૦ વિદ્યાર્થીઓ, સહિત કુલ ૨૩૦૫ છાત્રો સરકારી શાળા વાહનનો ઉપયોગ કરીને અભ્યાસ કરી રહ્યા છે.**

---

## ભુજ રેલવે સ્ટેશન નવનિર્માણ

**ભુજ રેલ્વે સ્ટેશનને આધુનિક અને વિવિધ સુવિધાઓથી સજ્જ બનાવવા માટે પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. આ રેલ્વે સ્ટેશનની પરિકલ્પના મોર્ડન અને આગામી 50 વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રૂપિયા 200 કરોડથી વધુના ખર્ચે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ભુજ સ્ટેશનની મુલાકાતે આવેલા પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યુ હતું કે અહીં 70 ટકા કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. યાત્રીકો માટે વિવિધ સુવિધાઓ ઉભી**

કરવામાં આવી રહી છે જેમાં **3** હજાર **240** સ્ક્વેર મીટરનો એક કોન્કર્સ એરિયા નીર્માણ કરાશે જેનાથી તમામ પ્લેટફોર્મને એક બીજા સાથે જોડવામાં આવશે. આ સ્ટેશન કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતું અદ્યતન રેલ્વે સ્ટેશન બનશે.

**(બાઇટ : વિનીત અભિષેક)**

**-----------------------------------------------------------------------------------------------**

## કુનરિયા મોડેલ ગામ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સ્વચ્છ ભારત મિશન"ના ધ્યેયને ભુજ તાલુકાના કુનરિયા ગામે સાર્થક કરી બતાવ્યું છે. આ ગામ સ્વચ્છતાની મિશાલ બની સ્વચ્છ "મોડેલ ગામ" તરીકે ઉભર્યું છે.**

**કુનરીયાને રાષ્ટ્રીય ગ્રામીણ મિશન દ્વારા સ્વચ્છતાનું મોડેલ ગામ જાહેર કરવામાં આવ્યું. કુનરીયા ગામમાં રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ કાર્યરત થયેલી છે. કુનરિયા ગામ સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, પ્રાથમિક સુવિધાઓના વિકાસ સાથે કચ્છભરમાં અગ્રેસર રહ્યું છે.**

**ગામના સરપંચશ્રી રશ્મિબેન છાંગા જણાવે છે કે સરકારની મદદથી કુનરિયા ૧૦૦% ઘરોમાં શૌચાલય ધરાવતું ગામ બન્યું છે. આ સાથે બાયોગેસ પ્લાન્ટ, સેગ્રીગેશન શેડ તથા ૫૦ જેટલા ઘરોમાં ગોબરગેસ પ્લાન્ટ પણ બનાવી આપવામાં આવ્યા છે. સ્વચ્છ ભારત મિશનની પહેલ અંતર્ગત ગામમાં ૫૦૦ જેટલા ઘરોમાં ભીના અને સૂકા કચરાની કચરાપેટીનું વિતરણ કરાયું છે.**

**-----------------------------------------------------------------------------------------------**

## આકાશવાણી દિલ્હીના ગુજરાતી સમાચાર વાચકનું નિધન

**આકાશવાણી દિલ્હીના નિવૃત ગુજરાતી સમાચાર વાચક રીટા શાહનું આજે 76 વર્ષની વયે દિલ્હી ખાતે અવસાન થયું છે. રેડિયો યુગ કહેવાતો એવા સમયમાં તેમણે ગુજરાતી સમાચાર વિભાગમા લાંબો સમય સેવા આપી હતી.**

---

## ગાંધીધામ-બાંદરા વિકલી સુપરફાસ્ટ ટ્રેન

**દિવાળી વેકેશન અને આગામી દિવસોને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા ગાંધીધામ-બાંદરા વચ્ચે વિકલી સુપરફાસ્ટ ટ્રેનની જાહેરાત કરવામાં આવી છે.**

**બાંદરાથી બપોરે સાડા બાર કલાકે ઉપડી રાત્રે દોઢ વાગ્યે ગાંધીધામ પહોંચશે. આ ટ્રેન દર મંગળવારે ઉપડશે જેમાં ઓક્ટોબર મહિનામાં ૧૪, ૨૧, ૨૮ અને નવેમ્બરમાં ૪ અને ૧૧ તારીખે ફેરા ઉપડશે જ્યારે ગાંધીધામથી રાત્રે ૮ વાગીને ૨૦ મિનિટે કે ઉપડી બીજા દિવસે સવારે 9 વાગીને 45 મિનિટે બાંદરા પહોંચાડશે. જેમાં આ ટ્રેન દર સોમવારે ઉપડશે. પશ્ચિમ રેલવે દ્વારા કરાયેલી સત્તાવાર જાહેરાત પ્રમાણે આ ટ્રેનના ૧૦ ફેરા થશે. બન્ને દિશાઓમાં સામખિયાળી, હળવદ, અમદાવાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશન પણ ટ્રેન ઊભી રહેશે. ૧૨ તારીખથી ઓનલાઈન બુકિંગ શરૂ થશે.**

---

## હવામાન

**દિવાળી પૂર્વે જ કચ્છનાં વાતાવરણમાં વિષમતાનું પ્રમાણ વધ્યું છે. દિવસના ભાગમાં ગરમી અને વહેલી સવારના સમયમાં શીતળતાનો જિલ્લાવાસીઓ અનુભવ કરી રહ્યા છે. ગઇકાલે નલિયામાં મહત્તમ તાપમાન 34.2 ડિગ્રી નોંધાતાં તે રાજ્યનું મોખરાનું ગરમ મથક બન્યું હતું.**

---